# ૫ ઓગષ્ટ –૨૦૧૬ (શુક્રવાર)

**(૧) રિયો ઓલિમ્પિક– ૨૦૧૬)**

- આ વખતનો ક્રમ – ૩૧ મો
- બ્રાઝિલની રાજધાની રિયોડી જાનેરોમાં રમાતા મહાકુંભ ઓલિમ્પિકનો આજથી પ્રારંભ
- વિશ્વના ૨૦૬ દેશના ૧૧૩૮૫ જેટલા જેથ્લીટ ભાગ લઇ રહ્યાં છે.
- ભારતે આ વખતે પોતાનું સૌથી મોટું દળ મોકલતા ૧૧૯ એથ્લીટ ભાગ લઇ રહ્યાં છે.
- આ ૧૧૯ એથ્લીટો વિવિધ ૧૫ રમતોમાં ભાગ લેશે.
- ભારતીય દળમાં ૪X૪૦૦ મીટર રીલેમાં ભાગલેનાર ૧૭ વર્ષીય એથ્લીટ જિસ્ના મેથ્યુ ભારતની સૌથી યુવા ખેલાડી છે.
- જયારે ટેનિસ સ્ટાર લિયેન્ડર પેસ ભારતીય દળમાં સૌથી મોટી ઉંમરનો ખેલાડી છે.
- બ્રાઝિલના 'ફુટબોલના મંદિર' તરીકેનું સ્થાન ધરાવતા ઐતિહાસીક મારાઠાના સ્ટેડિયમમાં ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે.
- આ સમારંભમાં અભિનવ બિન્દ્રા ભારતના ધ્વજવાહક હશે.
- ભારતે ૨૦૧૨ લંડન ઓલિમ્પિકમાં છ મેડલ જીત્યા હતા જે તેનો એક ઓલિમ્પિકમાં શ્રેષ્ઠ દેખાવ છે.
- રિલાયન્સ ફાઉન્ડેશનના અધ્યક્ષ નિતા અંબાણીને ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ વ્યક્તિગત સભ્યપદે પસંદગી કરી છે.
- નિતા અંબાણી IOC ના પ્રથમ ભારતીય મહિલા સભ્ય બન્યા.

**(૨) તાજેતરમાં પાકિસ્તાનના ઇસ્લામાબાદ ખાતે ૧૯ મો સાર્ક સંમેલન યોજાયો.**

- તાજેતરમાં પાકિસ્તાનના ઇસ્લામાબાદ ખાતે ૧૯ મો સાર્ક સંમેલન યોજાયો.
- સાર્ક દેશોના ગૃહપ્રધાનોના સંમેલનમાં ભારતના ગૃહપ્રધાન રાજનાથસિંહે સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું.
- સાર્ક દેશો :
  ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ
  ભૂતાન, શ્રીલંકા, માલદીવ, અફઘાનિસ્તાન

(૩) EBC :

- સવર્ણોને ૧૦% આર્થિક અનામતનો સરકારનો વટહુકમ હાઇકોર્ટ રદ કર્યો.
- સુપ્રીમ કોર્ટની માર્ગદર્શિક મુજબ દરેક રાજ્ય ૫૦ ટકાથી વધુ અનામત બેઠકો રાખી શકે નહીં.
- હાલમાં શિડ્યુલને કાસ્ટને ૭ ટકા, શિડ્યુલ ટ્રાઇલને ૧૫ ટકા અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટે ૨૭ ટકાની જોગવાઈ છે.

**પ્રશ્નો :**

(૧) ઓલિમ્પિક– ૨૦૧૬નો આ વખતનો ક્રમ જણાવો.
- ૩૧ મો

(૨) ૩૧ મો ઓલિમ્પિકનું આયોજન ક્યાં થશે ?
- બ્રાઝિલ

(૩) કેટલા ભારતીય ખેલાડીઓ આ વખતે રિયોમાં ભાગ લેશે ?
- ૧૧૯

(૪) રિયો ઓલિમ્પિકમાં ભાગ લેનાર ૧૧૯ ભારતીયોમાં સૌથી નાની એથ્લીટનું નામ જણાવો.
- જિસ્ના મેથ્યુ

(૫) ઓલિમ્પિક–૨૦૧૬નો ઉદ્‌ઘાટન સમારોહ ક્યાં યોજાશે ?
- મરાકાના સ્ટેડિયમ, બ્રાઝિલ

(૬) ઉદ્‌ઘાટન સમારંભમાં ભારતના ધ્વજવાહક
- અભિનવ બિન્દ્રા

(૭) ૨૦૧૨નો ઓલિમ્પિક ક્યાં યોજાયો હતો અને ભારતે તેમા કેટલા મેડલ જીત્યા હતા ?
- લંડન, છ

(૮) ઇન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટિએ ક્યાં ભારતીયની સભ્યપદે પસંદગી કરી ?
- નિતા અંબાણી

(૯) ઓગસ્ટ, ૨૦૧૬, માં સાર્ક સંમેલન ક્યાં યોજાયું ?
- ઇસ્લામાબાદ, પાકિસ્તાન

(૧૦)ઇલ્સાલામાબાદ ખાતે યોજાયેલ સાર્ક સંમેલનનો ક્રમ જણાવો.
- ૧૯મો

(૧૧) સાર્ક સમૂહમાં કેટલા દેશનો સમાવેશ થાય છે ?
- આઠ

(૧૨) ૧૯માં સાર્ક સંમેલનમાં ભારતનું પ્રતિનિધિત્વ કોણે કર્યું હતું ?
- રાજનાથસિંહ (ગૃહપ્રધાન)

(૧૩) તાજેતરમાં 'ગુજરાત હાઇકોર્ટ' ગુજરાત સરકારનો કયો વટહુકમ ગેરબંધારણીય ઠેરવી રદ કર્યો ?
- સવર્ણોને ૧૦% આર્થિક અનામત

વિવેકાનંદ એકેડમી (ગાંધીનગર) મો.૯૯૨૫૬૯૮૭૨૧